## હરિ નજર - ખરી નજર




હું તો પર્યાવરણવાદી છું, લોકો અંબાજીથી પરત આવ્યા બાદ હું રસ્તામાં પ્લાસ્ટીક ને કચરો વીણતો-વીણતો જઈશ ને શાંતિથી માનાં દર્શન કરીશ.

## એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ ખાતે હિન્દી દિવસ ઉજવાયો

### મલ્ટીમિડિયાના ઉપયોગથી આંબેડકરનો હિન્દી પ્રોજેકટ ૧૦ વિદ્યાર્થીઓએ રજૂ કર્યો

ગાંધીનગર, તા.૨૪

એમ.બી. પટેલ ઈંગ્લીશ સ્કુલમાં નહેરૂ યુવા કેન્દ્રના સૌજન્યથી હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીના ભાગરૂપે વકૃતત્વ સ્પર્ધા, કાવ્ય પઠન અને મલ્ટી મીડિયા પ્રોજેકટ જેવી સ્પર્ધામાં રાજન ચૌધરી શીઘ્ર વકૃતત્વમાં પ્રથમ ક્રમે, ચંદ્રપાલ ભાટી અને તૃતીય સ્થાને રહેલ હતા.

કાવ્યપઠન સ્પર્ધામાં મિત શાહ પ્રથમ, નિયતી શાહ દ્વિતીય ક્રમે વિજેતા બની સુષુપ્ત શક્તિઓનો પરિચય આપ્યો હતા.

મલ્ટીમિડિયાના ઉપયોગથી બાબા સાહેબ આંબેડકરનો હિન્દી પ્રોજેકટ ૧૦ વિદ્યાર્થીઓએ રજૂ કરેલ હતો.

સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કુમદિની કોલ્હેએ ફરજ બજાવી હતી. હિન્દી વિભાગ ડૉ. વર્ષા પારેખ અને શ્રીમતી ચિત્રા બહેન વ્યાસે માર્ગદર્શન આપ્યું હતું.

આચાર્ય અર્પિતભાઈએ શુભેચ્છાઓ પાઠવી હતી. સપર્ણા મુખર્જી અને મોનિકા બ્રિજલાણીએ જહેમત ઉઠાવી હતી.

## પી. કે. ચૌધરી મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ અક્ષયપાત્રની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૪

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગરના હોમ સાયન્સ વિભાગ દ્વારા અક્ષયપાત્ર ફાઉન્ડેશન સહકારી શાળાના બાળકોને મધ્યાગન ભોજન માટે ભરપેટ ભોજન અને પૂરક પોષણ મળી રહે છે. જેનાથી સાક્ષરતા દર પણ વધ્યો છે. અક્ષયપાત્ર દ્વારા સ્વદેશી ઢબથી ચાલતા રસોડામાં ઉચ્ચ ક્ષમતા ધરાવતાં કોલેટ્રોન્સ, સ્ટીમ બોઈલર, રોટલી બનાવવાના મશીન કન્વેયર સીસ્ટમ મશીનરી નિહાળી.

પ્રા. વાઘેલા હેમાંગીનીબેન, છનિયાર પ્રતિમાબેન, પ્રા. ચૌધરી સજજનબેન દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



શિવશંકર દવેના અમૃત મહોત્સવ પર્વે અભિવાદન સમારોહ અને 'જીવન સરિતા' પુસ્તકનો લોકાર્પણ સમારોહ સોમવારે સાંજે બ્રહ્માકુમારીઝ, સૅક્ટર-૨૮ ખાતે યોજાયો હતો. (તસવીર : દિપક જાની)

### પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ ખાતે

## લાયોનેસ કલબ ઑફ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ માટે સ્મૃતિ શક્તિ વિકસિત કરવાના વૈદિક ઉપાયોનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરનાં રોજ બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈદિક વે ફોર ઈમ્પ્રુવીંગ મેમરી એન્ડ ગ્રાસ્પીંગ પાવરનો વર્કશોપ સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલયનાં ધોરણ ૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવ્યો હતો. આંબેડકર હૉલ, સેકટર-૧૨ ખાતે યોજાયેલા આ વર્કશોપનું સંચાલન અરવિંદભાઈ રાણાએ કર્યું હતું.




કલબનાં પ્રમુખ ઉષાબેન ગજજરની પ્રેરણાથી શાળામાં ભણતા બાળકોની યાદશક્તિ વિકસિત થાય તથા તેમના બૌદ્ધિક વિકાસ થાય તે હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કલબ દ્વારા પ્રેરણા વિદ્યાલયમાં સમગ્ર વર્ષ દરમ્યાન અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરી વિદ્યાર્થીઓની સર્વાંગી વિકાસનો પર્યાસ કરવામાં આવે છે. વિષયના નિષ્ણાત અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીઓને સરળ ભાષામાં ઉદાહરણ સહિત વર્ગખંડમાં અભ્યાસ કરવાની વૈદિક પદ્ધતિની સમજણ આપી હતીય વિદ્યાર્થીઓને અભ્યાસમાં ન ગમતા વિષયોમાં કેવી રીતે રસ ઉત્પન્ન કરી શકાય તેની પણ સમજ આપી હતી. વર્કશોપના બીજા દિવસે પ્રથમ સત્રમાં વિદ્યા પ્રાપ્ત કરવાનાં ચાર તબક્કાઓની વિસ્તૃત સમજ આપી હતી. તેણે પુનરાવર્તન કયારે કરવું, અઘરા વિષયો કયારે ભણવા, મનને એકાગ્ર કરવા શું કરવું, ધ્યાન કેવી રીતે કરવું વગેરે જેવા અનેક વિષયો ઉપર પ્રકાશ પાડ્યો હતો.

કલબનાં પ્રમુખે સમાપન પ્રસંગે પોતાના વ્યકતવ્યમાં શિબિરને ઉપયોગી ગણાવી જે અમૂલ્ય જ્ઞાન મળ્યું છે તેનો લાભ ઉઠાવવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. શાળાનાં આચાર્યા સ્વાતિબા રાઓલે પણ વર્કશોપમાં વિદ્યાર્થીઓને ઘણું નવું શીખવા મળ્યું છે તથા અભ્યાસમાં પ્રગતિ કરવા પ્રેરણા મળી છે તથા વર્કશોપ યોજવા બદલ લાયોનેસ કલબનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે વૈદિક મહાસભાનાં પ્રચારક તથા દર્શનિક અવધેશપ્રસાદ પાંડેય અને પ્રેરણા વિદ્યાલયના પ્રેરણા સ્રોત પ્રદિપસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા. લાયોનેસ કલબના પૂર્વ પ્રમુખ વર્ષાબેન ઠક્કર, મીનાબેન પટેલ, રીટા સોલંકી સહિત બોર્ડના સભ્યો નીતાબેન રાણા, મીતલબેન રાણઆ, મીનાક્ષીબેન સંઘાણી, અર્ચનાબેન વગેરેએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં લાયોનેસ કલબ તથા વૈદિક મહાસભા દ્વારા ભાગ લેનાર તમામ ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને અવધેશપ્રસાદ પાંડેયનાં વરદ હસ્તે જ્ઞાનવર્ધક પુસ્તિકા ભેટ આપવામાં આવી હતી.

## 'આર્ષ' અક્ષરધામ પ્રવચનમાળા અંતર્ગત 'વાસુદેવ માહાત્મ્ય' વિષયે પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં 'આર્ષ' સંશોધન વિભાગ દ્વારા ત્રૈમાસિક પ્રવચન માળાનું આયોજન કરવામાં આવે છે જેનાં અંતર્ગત 'વાસુદેવ માહાત્મ્ય' વિષય પર ૬૧મી પ્રવચન માળાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

અક્ષરપુરુષોત્તમ સ્વામી-નારાયણ મંદિર, ભરૂચના પૂ. અનિર્દેશદાસ સ્વામી (વેદાંતચાર્ય) અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ મંદિર, સુરતના પ્રભુચરણદાસ સ્વામીની નિશ્રામાં યોજાયેલી વાસુદેવ માહાત્મ્ય પ્રવચન માળામાં તેઓએ પ્રાસાંગિક પ્રવચન કર્યું હતું. અનિર્દેશદાસ સ્વામીએ પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આપણા પ્રાચીન ઋષિમુનિઓએ રચેલા જ્ઞાનસભર ગ્રંથોનું પાન માનવ માત્રને સુખશાંતિ પ્રદાન કરનારૂ છે. સમગ્ર વિશ્વના તત્વવેત્તાઓએ ભારતીય જ્ઞાનની સ્વીકૃતિ કરી છે.

આપણા પ્રાચીન ગ્રંથો તેમજ ૧૮ પુરાણોમાં વાસુદેવ-માહાત્મ્યનો સમાવેશ થાય છે. કાર્તિક સ્વામીના સંવાદયુક્ત આ ગ્રંથણાં વાસુદેવ નારાયણની આરાધના અને જ્ઞાનથી મુક્તિની કથા, દુર્વાસાનો શાપ, ઈન્દ્રનો દૈત્યો દ્વારા પરાજય, પુનઃ પ્રાપ્તિ માટે સમુદ્રમંથન, લક્ષ્મીનારાયણ વિવાહનું વર્ણન, એકાંતિક ધર્મના લક્ષણ, તેના પ્રવર્તન તેમજ અંતિમ અધ્યાયમાં આ જ ગ્રંથનો મહિમા દર્શાવાયો છે.

પ્રવચનમાળામાં અક્ષરધામના મહંત પૂ. આનંદસ્વરૂપ સ્વામી, આર્ષના ડાયરેક્ટર નારાયણ કંસારા, સત્સંગીઓ, વડીલો, યુવાનો, મહિલાઓ વગેરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


## સાર્વજનીક ગણેશોત્સવમાં નહેરૂ યુવા કેન્દ્રના સહયોગથી ફિલ્મીગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

સાર્વજનિક ગણેશોત્સવ સે. ૨૨, રંગમંચ ખાતે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ફિલ્મીગીત સ્પર્ધા યોજાઈ ગઈ. ગાંધીનગરનાં નવા કલાકારોને સ્ટેજ આપવાનાં આશયથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાર્વજનીક ગણેશોત્સવનાં પ્રમુખ શ્રી નીશીત વ્યાસ, નાયબ સચિવ યુવક સેવા રમત-ગમત સાંસ્કૃતિક વિભાગનાં શ્રી ભાવેશ એરડા, ઉદ્યોગ વિભાગના સેકશન ઓફિસર શ્રી કમલેશ મકવાણા, જેટ એરવેઝનાં મેનેજર ભાવિષા પિત્રોડા, એરપોર્ટ ઓથોરીટીનાં સુપ્રીટેન્ડન્ટ શ્રી ધનંજયસીંગ, નહેરૂ યુથ કેન્દ્રનાં સંયોજક શ્રી રજનીકાંત સુથાર, શહેરના યુવા અને જી.ઈ. કલબનાં ડાયરેકટર શ્રી કશ્યપ નીમાવત ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં કુલ ૨૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

ગ્રુપ-એમાં સોલંકી અમીષા, યુદ્રા હેત્વી, દવે હર્નિષ, ગ્રુપ-બીમાં દામીની મહેતા, નઈમખાન પઠાણ, ગૌરાંગ રાવલ, ગ્રુપ-સીમાં અરવિંદ રાવલ, કમલેશ સોલંકી, અતુલ જોષી વિજેતા થયા હતા. પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને શૈશવ આર્ટ ગેલેરી તરફથી ઈનામો તેમજ દરેક સ્પર્ધકને પ્રોત્સાક ઈનામો એપાયા હતા. નહેરૂ યુવા કેન્દ્ર તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રેમ રાજપૂત, નંદકિશોર ખોપકર, ડૉ. રાજીવ હર્ષેએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. જ્યારે સમગ્ર સ્પર્ધાનું સંચાલન મનોજ નાયકે કર્યું હતું.

## લાખો લોકો તેમના શ્રીમુખેથી વહેતી શબ્દગંગામાં સ્નાન કરી પાવન થયા છે



ઈ.સ. ૧૯૬૦થી ૨૦૧૨. ૫૨ વર્ષ! બાવન વર્ષમાં ૭૦૦થી વધુ રામકથાઓ દ્વારા મોરારિબાપુએ વિશ્વના દરેક ખૂણે રામના નિર્મલ નામનું દિવ્યગાન કર્યું છે. લાખો લોકો તેમના શ્રીમુખેથી વહેતી શબ્દગંગામાં પાવન થયા છે. રામકથા વ્યાપક છે અને તેમાં જીવનને નિખારી શકાય તેવા વિચારોનો ખજાનો છે. આ ખજાનામાંથી અણમોલ રત્નો મોરારિબાપુએ પોતાની રામકથામાં છુટ્ટે હાથે વહેંચ્યાં છે. આ પુસ્તક શ્રેણી આવા જ અણમોલ વિચારરત્નોનું અનોખું સંકલન છે.

આજે યુવાનો સ્વપ્રેરણાનાં પુસ્તકો (મોટીવેશન બૂકસ)માંથી જીવન, સફળતા અને સુખ માટેનું માર્ગદર્શન મેળવતા થયા છે અને હાલ વિશ્વના ટોચના વિદેશી સ્વપ્રેરણાનાં પુસ્તકોના લેખતો ભારતીય સંસ્કૃતિ અને ગ્રંથોને આધાર બનાવી પોતાના પુસ્તકો અને પ્રવચનો દ્વારા માર્ગદર્શન આપે છે ત્યારે પ્રસ્તુત છે એક એવી શ્રેણી, જેમાં સરળ ભાષામાં, યુવાનોને ગમે તેવી શૈલીમાં રામકથાના માધ્યમે પીરસેલો રસથાળ છે જેમાંથી યુવાનોને જીવનના તમામ ક્ષેત્રે સફળતા માટેનું બળ મળશે.

આવી રામકથાના માધ્યમથી મોરારિબાપુએ જે સુવાક્યો ઉચ્ચાર્યાં છે એનું આસ્વાદન પણ જિંદગીનું ભાથું બની રહે એમ છે. આજે મોરારિબાપુના જન્મદિવસે આ વાક્યો આસ્વાદીએ.


- આપણું જીવન રણભૂમિ નહીં, રંગભૂમિ છે.
- જીવનમાં અભ્યાસ જોઈએ, અભિવ્યક્તિ જોઈએ અને અનુભૂતિ જોઈએ.
- જીવનમાં દિવ્યતા હોય એ દેવ.
- અટકો નહીં, ભટકો નહીં, તમે જે સ્થિતિમાં છો ત્યાં રહો.
- આંખ હોય ને પાંખ હોય એટલે બેડો પાર ! જ્ઞાન રૂપી આંખ અને ભક્તિ રૂપી પાંખ મળી જાય તો ઉડ્ડયનને કોઈ રોકી ન શકે.
- જીવનમાં કન્સ્ટ્રક્શન નહીં, ક્રિએશન હો. સર્જન હો, નિર્માણ નહીં.
- જગતથી ભાગવાથી કશું નહીં વળે. જ્યાં હો ત્યાંથી જ યાત્રા શરૂ કરો, એ કીચડમાંથી જ કમળ ખીલશે.
- જગત કહે તેવી રીતે જીવવા માટે આપણે જન્મ્યા નથી. દરેકે સહજતાથી જીવવું જોઈએ.
- જીવન તો બધાં પાસે છે, પણ જીવન જીવવાની કળા બહુ ઓછા પાસે છે.
- મોટા ભાગના લોકોનું જીવન વાસનામય છે. ઉપાસનામય જીવન નથી. વાસનાનો અર્થ છે અવિદ્યા.
- માણસે આર્ટીસ્ટ અને હાર્ટિસ્ટ રહેવું જોઈએ, હૃદય ન ચૂકવું જોઈએ.
- સવારના પહોરમાં જેની જીભે શુભ નામ, તેનું બપોરે શુભ કામ અને તેની શુભ શામ.
- જન્મ અને મૃત્યુ વિધિને હોય છે, પરંતુ જીવન એ માણસના પોતાના હાથની વસ્તુ છે.
- જીવનયાત્રામાં જેટલી ગ્રંથિઓ વધારે, જીવનયાત્રા એટલી ટૂંકી.
- વિષાદ આપણા જીવનને ગ્રસી ન લે, સંદેહ આપણા જીવનને ડસી ન લે.
- જીવન પૂર્ણ ત્યારે થશે જ્યારે તમે કોઈથી ન ડરો અને કોઈને ન ડરાવો.
- પ્રત્યેક વ્યક્તિને એની નબળાઈઓ સાથે સ્વીકારવાનું રાખો, કારણ કે એ માણસ છે.
- માણસે નકલ ન કરવી જોઈએ, નવલ કરવી જોઈએ.
- જેને ઊગવું જ હોય તેને કોઈ અવરોધ નડતો નથી. સિમેન્ટની સડકમાં પણ ઘાસ ઊગે છે.
- જગતમાં કોઈને કોઈ દિવસ માપવાનો પ્રયાસ ન કરશો, પામવાનો પ્રયાસ કરશો.
- જીતની ભાષા ભૂલો, જીવવાની ભાષા શીખો.
- જીવન કવર જેમ નહીં, પોસ્ટકાર્ડ જેમ ખુલ્લું રાખવું જેને કોઈ પણ વાંચી શકે.
- ક્રાઈંગ બર્થ, લાફીંગ લાઈફ અને ડાન્સીંગ ડેથ હોવું જોઈએ.
- જે લયમાં નથી રહેતો, તેનો પ્રલય થઈ જાય છે.
- શ્રવણ, સ્મરણ અને આચરણ - આ ત્રણ આવે તો સંસારનું રણ જીતી જવાય.

# આજે દુનિયાભરના સંવેદનશીલો માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે સમય ફાળવશે

## આજે દુનિયાભરમાં યુનિસ કેનેડી શ્રીવર ડે એટલે કે ઈકેએસ ડે ઉજવવામાં આવી રહ્યો છે

આજે દુનિયાભરમાં યુનિસ કેનેડી શ્રીવર ડે એટલે કે ઈકેએસ ડે ઉજવવામાં આવી રહ્યો છે.

આ દિવસનું એક ખાસ મહત્ત્વ છે. આ દિવસે દુનિયાભરના સંવેદનશીલો ને સક્રિયો એકત્ર થઈને માનસિક વિશિષ્ટ બાળકો માટે સમય ફાળવે છે અને એમને મનોરંજક રમતો રમાડે છે. ગાંધીનગર ખાતે પણ આ પ્રવૃત્તિ થવા જઈ રહી છે, પણ એની વિગતો મેળવીએ એ પહેલાં આ પ્રવૃત્તિ કેવી રીતે શરૂ થઈ એ અંગેની રસપ્રદ વિગતો જાણીએ.



આ પ્રવૃત્તિનું મૂળ છે ૧૯૬૦માં ને વૉશિંગ્ટનમાં. યુનિસ કેનેડી શ્રાઈવર નામની એક મહિલા કે જેના ઘરમાં પણ બે માનસિક વિશિષ્ટ બાળકીઓ હતી એણે જોયું કે સમાજમાં વિશિષ્ટ બાળકોનું કોઈ સ્થાન જ નથી, એમની કોઈ ગણતરી જ નથી. આ બાબત પણ કદાચ સહન કરી શકાય એવી હતી, પણ આ સંવેદનશીલ મહિલા માટે એ અસહ્ય હતું કે આવાં બાળકો માટે કોઈએ રમવાની એક નાનકડી જગ્યા પણ ફાળવી નહોતી.

એ મહિલાનું હૃદય દ્રવી ઊઠ્યું. પણ માત્ર રડીને બેસી રહેવાનું એણે મુનાસિબ ન માન્યું. ક્રાંતિની શરૂઆત ઘરથી જ થાય છે એ બાબતમાં વિશ્વાસ ધરાવનાર આ મહિલાએ દુનિયા સુધારવાને બદલે પોતાનાથી જ સક્રિયતાની શરૂઆત કરી. પોતાના ઘરના બૅકયાર્ડમાં જ એણે આસપાસનાં વિશિષ્ટ બાળકોને એકત્ર કર્યા અને એમને રમતો રમાડવાનું શરૂ કર્યું. એક દિવસ તેણે વિશિષ્ટ બાળકો માટે સમર્પિત કર્યો અને એમને આનંદ આવે એવી રમતો બાળકોને રમાડી. આ દિવસને એણે નામ આપ્યું સમર ડે કૅમ્પ. આપણે ત્યાં ઉનાળુ વૅકેશનમાં શિબિરો થાય છે એવી જ આ એક દિવસીય શિબિર, પરંતુ એમાં વિશિષ્ટ બાળકોને રમતો રમાડવી એ મુખ્ય પ્રવૃત્તિ થાય.


### પ્રસંગસર

- કુંતલ નિમાવત



ધીમે ધીમે યુનીસની આ પ્રવૃત્તિની સુવાસ આસપાસ ફેલાવા લાગી. અન્ય સંવેદનશીલ વ્યક્તિઓ, સક્રિય લોકોને આ પ્રવૃત્તિ જરૂરી લાગી અને આપમેળે તેઓ આ પ્રવૃત્તિમાં જોડાયા. જે પ્રવૃત્તિમાં સમાજ રસ લે એ પ્રવૃત્તિને વિકસવા માટે કોઈ બંધનો નથી નડતા એ નાતે આ પ્રવૃત્તિ પણ ધીમે ધીમે પોતાનો વિકાસ આપમેળે જ કરતી થઈ. શ્રાઈવર ઈવેન્ટ્સ વર્ષો સુધી આ સમર ડે કૅમ્પ સફળતાપૂર્વક ચલાવતી રહી અને આખરે એ ધીમે ધીમે સ્પેશિયલ ઑલિમ્પિક્સ તરીકે સ્થાપિત થઈ ગઈ.

આપણા ઑલિમ્પિકસ રમતોત્સવની માફક જ વિશિષ્ટ વ્યક્તિઓ માટેનો રમતોત્સવ સ્પેશિયલ ઑલિમ્પિક્સ પણ દર ચાર વર્ષે યોજાય છે. રાષ્ટ્રીય કક્ષાએ એ દર બે વર્ષે અને સ્ટેટ લેવલે એ દર વર્ષે યોજાય છે. આ સ્પેશિયલ ઑલિમ્પિક્સની સ્પેશિયાલિટી એટલે કે વિશેષતા એ છે કે એમાં ભાગ લેનાર તમામને ઈનામ આપવામાં આવે છે. (કિસ્મત જેમને હરાવવા માગતી હોય એવા નિર્દોષ ખેલાડીઓને ઈનામ આપીનો આનંદની અનુભૂતિ કરાવવાનો આનાથી સુંદર તરીકો કયો હોઈ શકે!)



પોતાના ઘર આંગણે વિશિષ્ટ બાળકોને આમંત્રીને એમના માટે આનંદનો ને આનંદની રમતોનો આરંભ કરનાર યુનીસ કેનેડી શ્રાઈવરનો આ પ્રયાસ આજે અમર બની ગયો છે. દુનિયાના ૨૦૦ દેશોમાં આ પ્રયાસને બિરદાવાય છે અને એની યાદમાં યુનીસ કેનેડી શ્રાઈવર (યુકેએસ) દિવસ ઉજવવામાં આવે છે. ઉજવણીની પદ્ધતિ એકસરખી જ રહે છે : બાળકોને આનંદદાયક રમતો રમાડવી. અને આગળ જણાવ્યું તેમ બાળકોના વાલીઓ, સંવેદનશીલ સમાજસેવકો અને સક્રિયો પણ આમાં ભાગ લઈને પોતાની માનસિક પરિસ્થિતિને કારણે સમાજથી છેટે રહેલા વિશિષ્ટ વ્યક્તિઓને સમાજની નજદીક લાવવાનો પ્રયાસ કરે છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે આ પ્રયાસ થઈ રહ્યો છે. ગાંધીનગરના પાદરે સ્થિત મુક્તિધામ ખાતે સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ દ્વારા જિલ્લાના ૫૦ માનસિક વિશિષ્ટ વ્યક્તિઓને આજે બપોરે ૧ થી ૩ કલાક દરમ્યાન ફન ગેમ્સ રમાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. વિશિષ્ટ બાળકોની સાથે એમના વાલીઓ અને ૩૦ જેટલા શિક્ષકો પણ ઉપસ્થિત રહેશે. ઉપક્રમ એ જ છે. શિક્ષકોને આ દિવસની મહત્તા સમજાવવામાં આવશે અને પછી સૌ શિક્ષકો સાથે મળીને બાળકોને આનંદદાયક રમતો રમાડશે. સમાજસેવાનાં ઘણાં ક્ષેત્રો છે આ શહેરમાં. તમે સમાજસેવી હો, સક્રિય હો, સંવેદનશીલ હો કે આ શહેરના નાગરિક માત્ર હો, આ પ્રવૃત્તિમાં ભાગ લેવા જેવો છે.